
# શ્રી આનંદ કલ્યાણ


વિ.સ. ૨૦૭૨, મહા સુદ ૫ • તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ • અંક : ૩

3



શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ

અમદાવાદ



તારંગાના અજિતનાથ જિનાલયના સાંનિધ્યમાં ગાન ઉત્સવમય ભક્તિ સંધ્યા
(તા. ૧૭ અને ૧૮ નવે ૨૦૧૫)



રાણકપુરના ત્રૈલોક્યદીપક પ્રાસાદની પગથારે પ્રભુ ભક્તિથી ભાતીગળ બનતી રાત
(તા. ૧૯ નવે. ૨૦૧૫)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૩ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

## જિનવાણી

જે વ્યક્તિ નિંદા અને પ્રશંસામાં,
માન અને અપમાનમાં, તથા સ્વજન અને પરિજનોમાં
સમભાવ રાખે છે. એજ જીવાત્મા સામાયિકમાં છે,
સમતા ભાવથી યુક્ત છે.

(આચાર્ય રત્નશેખરસૂરિજી કૃત
સંબોધ સપ્તતિકા ગાથા:૧૭)

નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રના
ગુણોથી યુક્ત સંઘ તીર્થ સ્વરૂપે પૂજ્ય છે.
આવા સંઘને જ સંઘ કહેવાય છે.

(સંબોધ સપ્તતિકા / ગાથા ૩૦)

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)

વર્ષ : ૧ | અંક : ૩

પ્રકાશન

વિ.સં. ૨૦૭૨, મહા સુદ-૫ • તા. : ૧૨-૦૨-૨૦૧૬, શુક્રવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanji.com

મુદ્રક :

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## શ્રી સિધ્ધાચલ ગિરિરાજની ફાગણ સુદ-૧૩ની છ ગાઉની યાત્રા અંગે !

(વિ.સં. ૨૦૭૨, ફાગણસુદ ૧૩, સોમવાર, ૨૧-૩-૧૬ના દિવસે થનાર)

મહાનુભાવો પ્રણામ !

ઘણાં સમયથી શ્રી ગિરિરાજની છ ગાઉની યાત્રાનો પ્રારંભ ઘણા યાત્રિકો મધ્યરાત્રિએ ૨.૦૦ વાગ્યાથી શરૂ કરે છે. જેથી ઉપર ઘસારો થવાથી રામપોળનો દરવાજો ૩.૦૦ વાગ્યે ખોલવાની ફરજ પડે છે. અને "જયણા-મર્યાદા-સુરક્ષા" આદિના અનેક પ્રશ્નો ઉભા થાય છે.

શ્રી ગિરિરાજની યાત્રા જયણાપૂર્વક કરવાથી જ યાત્રાનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.

સ્તવનમાં પણ આ વાત જણાવી છે કે...

"તુમે જયણાએ ધરજો પાય... પાર ઉતરવાને."

આથી સર્વે યાત્રાળુ ભાઈ-બહેનને વિનંતી કરીએ છીએ કે અજવાળું થયા પછી જ સહુએ શ્રી ગિરિરાજ ચડવાનો પ્રારંભ કરવો.

ખાસ નોંધ : શ્રી રામપોળનો દરવાજો સવારે ૫.૦૦ કલાકે ખુલશે, એની નોંધ લેશો, જેથી આપને અગવડ ના પડે. યાત્રામાં સહકાર આપવા આપ સહુને નમ્ર વિનંતિ છે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, પાલીતાણા

# શ્રી શેરીસા મહાતીર્થ

અમદાવાદથી ૨૨ કિલોમીટરના અંતરે આવેલ ગાંધીનગર જિલ્લા અને કલોલ તાલુકાનું ગામ શેરીસા એટલે નાનકડું મજાનું ગામ! ગામની સમીપે જ નર્મદા કેનાલ વહે છે.

ઈસ્વીસન્ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શેરીસા ગામની વસ્તી ૧૧૮૩ પરિવારો એટલે કે ૬૧૬૭ માણસોની છે, જેમાં સ્ત્રી-પુરૂષોની સંખ્યા સમાન જેવી છે. સરેરાશ જાતિ અનુપાત (પ્રમાણ) સો ટકા છે. ગામનું ભણતર સરેરાશ ૭૬ ટકા જેટલું છે. ગ્રામપંચાયતના વહીવટ હેઠળ સરપંચ દ્વારા સંચાલન કરવામાં આવે છે. આ ગામમાં ૩ પ્રાથમિક શાળાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે પણ છે.

અમદાવાદથી વડસરના રસ્તે થઈ કલોલ તરફ જતાં, કલોલ પહેલાં ૭ કિ.મી.ના અંતરે અમદાવાદ નજીકનું શેરીસા ગામ જૈનોની પ્રાચીન તીર્થભૂમિ છે. વિશાળ સંકુલમાં શિખરબંધ ભવ્ય જિનાલય, ધર્મશાળાઓ, ઉપાશ્રય, પેઢી-કાર્યાલય, પ્રાથમિક સુવિધાઓ, ભોજનશાળા વગેરેથી સમગ્ર સંકુલ ધમધમતું રહે છે. ભવ્ય જિનાલય જોતાં જ મન હરખાય જાય તેવું આ તીર્થ છે.

શેરીસા નામ કેમ પડ્યું એ સંબંધે વિક્રમ સંવત ૧૫૬૨ માં કવિવર શ્રી લાવણ્યસમયે રચેલ 'શેરીસા તીર્થસ્તવન'માં કંઈક સૂચન મળે છે.

**"એ નવણ પાણી વિવર જાણી, ખાલ ગયો તવ વિસરી,**
**અંતર એવડો સેરી સાંકડી, નયરી કહતી સેરીસા-કડી"**

આ પદ્યમાં કડીની પાસે આવેલા શેરીસાનો ધ્વનિ સૂચિત થાય છે, જે નગરની સાંકડી શેરીમાં આ જિનાલય આવેલું હતું. તેમાં ભગવાનને અભિષેક કરાવતાં એ સાંકડી શેરીમાં બધે પાણી ફેલાઈ ગયું અને તેથી લોકો એ સ્થળને શેરી-સાંકડીના નામે કહેવા લાગ્યા.પછીથી માત્ર શેરીસા નામ

જાણીતું થયું જો કે શેરીસાથી થોડા કિલોમીટરની દૂરી પર કડી નામનું ગામ વસેલું છે. હવે તો તે શહેર જેવું વિકસ્યું છે. દેખીતી રીતે શેરી-સાંકડીના નામમાં છુપાયેલું કોઈ જોડાણ આ બે ગામ-શહેર વચ્ચે છે નહી!

શેરીસામાં વર્ષો પહેલા સપાટ મેદાન પર થોડાંક ખોરડાં અને એક બાજુએ નવીન જિનપ્રાસાદ સિવાય કશું જોવા મળતું નહોતું. હાલમાં તો ગામમાં પાકા ઘરો વગેરે પણ વધ્યા છે.

એજ કવિ આ સ્થળના તેરમાં સૈકા પહેલાનાં પ્રાચીન નગરનું વર્ણન કરતાં કહે છે.

*"એ નગર મોટું, એક ખોટું, નહીં જિન પ્રાસાદ એ"*

એ સંબંધે સંવત–૧૩૮૯ માં રચાયેલા 'વિવિધ તીર્થકલ્પ'માં શેરીસામાં જિનપ્રતિમાઓ ક્યારે આવી અને મંદિર ક્યારે બંધાયું એની વિગત નોંધાયેલી છે. તેનો સાર એ છે કે, નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિશાખાના આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી શેરીસા પધાર્યા ત્યારે તેમણે એક ટેકરામાંથી કઢાવેલી શિલામાંથી સોપારકના અંધ શિલ્પી-સલાટ પાસે એક દિવ્ય મૂર્તિ ઘડાવી. વળી, એક ખાણમાંથી બીજી ચોવીશ પ્રતિમાઓ નીકળી આવી હતી અને શ્રી દેવેન્દ્રસૂરિજી આ નગરમાં મંદિર બંધાવવા માટે અયોધ્યામાંથી ચાર મોટી પ્રતિમાઓ લઈ આવ્યા હતા ત્યારે તેમાંની એક પ્રતિમા ધારાસેનક (કદાચ માલવાનું 'ધાર' હોય) ગામમાં રાખી અને ત્રણ પ્રતિમાઓને શેરીસામાં કરાવેલાં ભવ્ય મંદિરમાં પધરાવી. ચોથી મૂર્તિ ગૂર્જરનરેશ કુમારપાળે પાછળથી કરાવી આપી હતી. શ્રી જિનપ્રભસૂરિજી (સંવત–૧૩૮૯ ની આસપાસમાં) પ્રત્યક્ષ જોયેલી હકીકતને આલેખતાં તેઓ વર્ણવે છે કે 'આ બધી પ્રતિમાઓ શેરીસા ગામના જિનમંદિરમાં આજે પણ સંઘ દ્વારા પૂજાય છે.'

સંવત ૧૩૯૩ માં શ્રીકક્કસૂરિએ રચેલ નાભિનન્દનજિનોદ્ધાર પ્રબંધમાં કહ્યું છે કે, નાગેન્દ્ર ગચ્છના શ્રી દેવેન્દ્રસૂરિજીએ શેરીસા તીર્થની સ્થાપના

કરી. આ ઉપરથી લગભગ બારમા સૈકામાં આ તીર્થ સ્થપાઈ ચૂક્યું હતું એમ કહેવામાં ઐતિહાસિક દ્રષ્ટિએ બાધ નથી અને તેથી ઉપર્યુક્ત શ્રી જિનપ્રભસૂરિજીએ ચૌદમાં સૈકામાં જોયેલા એ તીર્થની હકીકત નોંધી છે.

આ બધી પ્રતિમાઓમાં મૂળનાયકની પ્રતિમા વિશે એમ કહેવાયું છે કે, **"લખ લોક દેખે, સહુ પેખે, નામ લોડણ થાપન"**

પ્રતિમાને ડોલતી જોઈને લોકોએ તેનું નામ "લોડણ પાર્શ્વનાથ" રાખ્યું હતું. બીજાના મતે એ મૂર્તિનો એક પગ છૂટો આલેખ્યો હોવાથી એવું નામ પાડવામાં આવ્યું છે. જ્યારે ત્રીજા મતે એમ પણ કહેવાય છે કે, વેળુથી બનાવેલી આ પ્રતિમા લોઢા જેવા કઠણ બની ગઈ તેથી એ લોઢણ પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ પામી. આ બધા મતો વિશે આજે કશો નિર્ણય કરી શકાય એમ નથી.

લગભગ ચૌદમા સૈકામાં થયેલા શ્રી જિનતિલકસૂરિએ રચેલી 'તીર્થમાળા'માં મૂળનાયકની મૂર્તિનું વર્ણન કરતાં નોંધ્યું છે :

**"શેરીસે પાસ છે ઉડ્ડકાય"**

અર્થાત્ - શેરીસામાં શ્રી પાર્શ્વનાથની મૂર્તિ ખૂબ ઉંચી અને ભવ્ય છે.

કવિવર લાવણ્યસમયના વખતમાં એટલે વિક્રમ સંવત ૧૫૬૨ માં અહીં જિનમંદિર વિદ્યમાન હતું એ વિશે કવિ પોતે જ પ્રત્યક્ષ શેરીસા તીર્થની વાત કરે છે.

**"પોસ કલ્યાણક દસમ દીહાડ એ,**
**મહિયલ મહિમા પાસ દેખાડ એ**
**પ્રભુ પાસ મહિમા સંઘ આવે ઉમટ્યા,**
**ધ્વજ પૂજ મંગલ આરતી તેણે પાપ પૂરવનાં ઘટ્યાં**
**સંવત પન્નર બાસઠ્ઠિ પ્રાસાદ શેરીસા તણો,**
**લાવણ્યસમેં ઈમ આદિ બોલે, નમો નમો ત્રિભુવન ધણી."**

એટલે લગભગ સોળ સૈકા સુધી આ તીર્થ ભારે ખ્યાતિ પામ્યું. અનેક ચમત્કારોએ-મહિમાએ લોકોને આકર્ષ્યા. હજારોની સંખ્યામાં ભાવિકગણ ત્યાં આવતા અને પ્રભુના દર્શન-પૂજન કરી કૃતાર્થ બનતો. ૧૩મા શતકના ગુર્જરરાષ્ટ્રના મહાઅમાત્ય શ્રી વસ્તુપાળ અને તેજપાળે અહીંયા પોતાના વડીલ બંધુ શ્રી માલદેવ અને પૂર્ણસિંહના શ્રેયાર્થે બે દેવકુલિકાઓ કરાવી. એક દેવકુલિકામાં નેમિનાથ ભગવાનની સપરિકર પ્રતિમા અને અન્ય એક દેવકુલિકામાં શ્રી વીરપ્રભુની પ્રતિમા તથા અંબિકાદેવીની મૂર્તિ કે જે વર્તમાનમાં પણ શ્રી શેરીસાતીર્થના જિનાલયમાં બિરાજે છે, તેની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છીય આચાર્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજના હસ્તે કરાવી.

કાળદેવની ખફા નજર આ શેરીસાતીર્થ પર પણ પડી એના ફળ સ્વરૂપે સં. ૧૭૨૧માં મૂર્તિભંજક યવનોએ શેરીસા પાર્શ્વનાથના આ ભવ્ય જિનાલયનો વિધ્વંસ કર્યો. ત્યાર પછી શેરીસાનગર ધ્વસ્ત થયું એક ભવ્ય સર્જન વિસર્જનમાં પરિણમ્યું. નગર અને દેરાસરનો ધ્વંસ થવા છતાંય ત્યારના પીઢ શ્રાવકોની દૂરંદેશીભરી કુશળતાને લીધે અમુક જિનબિંબો અખંડ રહી શક્યા. યુદ્ધના કે એવા કોઈ પ્રસંગે શ્રાવકોએ એ બધી મૂર્તિઓ જમીનમાં ભંડારી દીધી હશે, અને મંદિર ઉપર વિનાશના વાદળા ઘેરાયા હશે. આ સમય દરમ્યાન ગુજરાત, મારવાડ, મેવાડ વગેરે પ્રદેશોમાં અવારનવાર થતા વિધર્મી આક્રમણોના કારણે અનેક મંદિરો તૂટતા હતા. એ વખતે વિચક્ષણ અને ભાવિને પરખનારા શ્રાવકો દેરાસરમાંથી મૂર્તિઓને ઉત્થાપિત કરીને ખસેડી લેતા, ક્યાંક ભોંયરામાં, જમીનમાં ઉંડે દાટી દેતા. આનાથી પ્રાચીન પ્રભાવક અને ઉર્જસ્વી પ્રતિમાઓ સુરક્ષિત રહેતી. આજે પણ ઉત્તર ગુજરાતમાં અનેક જગ્યાએ ખોદકામ કરતા અનેક મૂર્તિઓ નીકળવાના દાખલા સામે આવે છે. ક્યાંક, ક્યાંક આખેઆખા મંદિરો દટાયેલા નીકળ્યા હોય એવા પણ ઉદાહરણ છે. આવું જ કંઈક સેરિસાના દેરાસર સાથે પણ બન્યું હોય !

આજે જે નવું મંદિર અહીં ઉભું છે તેની સામેના મેદાનમાં પ્રાચીન જૈન મંદિર ખંડિયેરરૂપે પડ્યું હતું. મંદિરનો ઘણો ભાગ તો ધરાશાયી હતો. માત્ર દિવાલનો ભાગ થોડેક ઉભો હતો. તેમાં પથ્થરનાં ઢગલાં પડ્યાં હતાં. તેની સાથે મૂર્તિ પણ દટાયેલી પડી હતી. એ મૂર્તિઓમાં એક ખંડિત મૂર્તિ, જે ૪ ફીટ પહોળી, પોણાચાર ફીટ ઊંચી અને ફણાસહિત ૫ ફૂટ ઊંચી હતી, શ્યામવર્ણના બે મોટા કાઉસગ્ગીયા, જે ૨ ફીટ પહોળા અને સાડા છ થી સાત ફીટ ઉંચા હતા, અંબિકા દેવીની ૧ મનોહર મૂર્તિ–આ પાંચ મૂર્તિઓ જે ખાસ વિશિષ્ટ પથ્થરની બનેલી હતી, તેમજ સફેદ આરસની આદીશ્વર ભગવાનની ખંડિત મૂર્તિ આ પ્રકારે ૬ મૂર્તિઓ નીકળી આવી હતી.

આ ખંડેરમાં કોરણીવાળા પથ્થરો, થાંભલા, કુંભીઓ વગેરે નિકળ્યું છે તે એક તરફ મૂકી રાખવામાં આવ્યું છે. વળી, બીજા સમયે ખોદતાં જે મળી આવ્યું તેમાંથી પથ્થરની ૧૫–૧૬ મૂર્તિઓ, આરસની ખંડિત ૨ મૂર્તિઓ તથા આરસના મોટા માનાવાકૃતિ કાઉસગ્ગીયા, જેમાં બંને પડખે ૨૪ જિનપ્રતિમાઓ કંડારેલી છે અને એ કાઉસગ્ગીયા નીચે લેખ હતો પણ તદ્દન ઘસાઈ ગયો હતો, જે બારમી-તેરમી શતાબ્દીનો હોવાનો અંદાજ છે.

આ સિવાય સફેદ આરસના પરિકરની ગાદીના બે ટૂકડા નીકળી આવ્યા છે, તેની આગળનો ત્રીજો ટુકડો મળી શક્યો નથી પણ એ બે ટુકડા આ પ્રમાણે લેખ વંચાય છે :

'મહામંત્રી શ્રી વસ્તુપાલ - તેજપાલે પોતાના ભાઈ માલદેવ અને તેના પુત્ર પુનસિંહના શ્રેય માટે શેરીસા મહાતીર્થના શ્રીપાર્શ્વનાથ ચૈત્યમાં શ્રીનેમિનાથ ભગવાનનું બિંબ ભરાવી પધરાવ્યું ને તેની પ્રતિષ્ઠા નાગેંદ્રગચ્છના શ્રીવિજયસેનસૂરિએ કરી'. આ સંવત ૧૨૮૫ હોવો જોઈએ, કેમકે લેખમાં માત્ર (૫) નો આંકડો મોજુદ છે. આ લેખમાં શેરીસાને 'મહાતીર્થ' કહેવામાં આવ્યું છે. ને વસ્તુપાળ અને તેજપાળ જેવાએ અહીં મૂર્તિ ભરાવી છે એ

તીર્થભૂમિની ગૌરવગરિમા એ સમયે કેટલી હશે એ તો માત્ર ગ્રંથોની ત્રુટક-ત્રુટક વિગતો ઉપરથી જ અનુમાન કરવાનું રહે છે.

ઉપર્યુક્ત મૂર્તિઓ ઉપરાંત જૂની ધર્મશાળા પાસેના એક ખાડામાંથી જે ફણાવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિશાળ મૂર્તિ નીકળી હતી, તે મૂર્તિને લોકો વર્ષો સુધી "જોદ્ધા" તરીકે પૂજતા હતા ને બાધા-આખડી રાખતા હતા.

ઉપર્યુક્ત હકીકત અહીંના વિશાળ પ્રાચીન મંદિરનો અને તેના તીર્થ મહિમાનો ખ્યાલ આપે છે. વિ.સં. ૧૯૬૭ના માગશર મહીનામાં અહીં પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ પધાર્યા અને આ બધી પરિસ્થિતિ જોઈને એમણે તાબડતોબ કલોલના તેમના ભક્ત શ્રાવકો ગોરધનભાઈ અમુલખભાઈ તથા મોહનલાલ કોડિયાને બોલાવ્યાં અને તેમની સાથે વિચાર વિમર્શ કર્યો. વધારે તપાસ કરતાં કરતાં, દેરાસરના પાછળના ભાગમાંથી એક ખંડિત પ્રતિમા-જેની ઉંચાઈ મૂળનાયક ભગવાન જેટલી જ હતી, તે મળી આવ્યાં. આજુબાજુમાંથી બીજી પણ સંપ્રતિ મહારાજાના સમયની શ્રી આદિનાથની પ્રતિમા, શ્રી અંબિકા દેવીની નયનમનોહર પ્રતિમા, પરિકરની ગાદી, વિહારમાન જિનની કાયોત્સર્ગાકાર ખંડિત પ્રતિમા, વિગેરે વસ્તુઓ મળી આવી. પરિકરની ગાદીના લેખ પરથી શ્રી વસ્તુપાળ મંત્રીનો ઈતિહાસ મેળવ્યો. સૂક્ષ્મ દ્રષ્ટિથી ખૂણે ખૂણો તપાસી લીધા પછી પૂજ્યશ્રીએ ગોરધનદાસને કહીને રબારીના વાડા જેવી એક જગ્યા અમદાવાદના શેઠ મનસુખલાલ ભગુભાઈના નામથી લેવડાવી લીધી. અને તેમાં આ બધી પ્રતિમાઓ અને અન્ય વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવામાં આવી.

તેઓશ્રીના સદુપદેશથી સ્વ. શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ શેરીસાતીર્થના જીર્ણોદ્ધારની જવાબદારી સ્વીકારી અને કાર્યનો પ્રારંભ કર્યો.

જીર્ણોદ્ધારના આ કાર્યમાં-તીર્થના શિખરબંધી જિનાલયના નિર્માણમાં શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ તે જમાનામાં ત્રણ લાખને દશ હજાર રૂપિયાનો સદ્વ્યય કરેલ છે. શેઠ શ્રી સારાભાઈ જ આ તીર્થના જિર્ણોદ્ધારના મુખ્ય સૂત્રધાર હતા. આ તીર્થની સ્થાપના જીર્ણોદ્ધાર વગેરેના કાર્યો સુચારુ થાય એ માટે એમણે પરમાણંદજી કલ્યાણજી નામની તીર્થની પેઢી સ્થાપેલી. વર્ષો સુધી તેઓએ આ તીર્થથી તન-મન-ધનથી સેવા બજાવી હતી. વિ.સં. ૧૯૮૪ (ઇસ્વીસન ૧૯૨૮) ની સાલમાં આષાઢ સુદ–૧૫ ના મંગલ દિવસે શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ અખિલ ભારતવર્ષના જૈનોની પ્રતિનિધિરૂપ શેઠ આણંદજી કલ્યાણજીને આ તીર્થનો વહીવટ સોંપ્યો. જમીનમાંથી નીકળી આવેલી આ મૂર્તિઓમાંથી પાંચ મૂર્તિઓને શેઠ જમાનાભાઈ ભગુભાઈએ મોતીનો લેપ કરાવ્યો હતો અને સંવત ૧૯૮૮ (ઇસ્વીસન્ ૧૯૩૨) ના મહાસુદિ ૬ ને દિવસે તે મૂર્તિઓનો મંદિરમાં પરોણા દાખલ પ્રવેશ કરાવવામાં આવ્યા હતા. આ જિનાલય તૈયાર થયા પછી વિ.સં. ૨૦૦૨ (ઇસ્વીસન્ ૧૯૪૬)માં વૈશાખ સુદી–૧૦ ના દિવસે પરમ્ પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ આદિની પવિત્ર નિશ્રામાં ઉલ્લાસપૂર્વક આ પ્રાચીનમાંથી નવીન બનેલ જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

વિશાળ ચોગાનમાં ચારેકોર ધર્મશાળાઓથી વીંટળાયેલું અને વચ્ચે ખાલી મેદાનથી વિશેષ શોભાયમાન બનેલું આ આલીશાન જિનાલય ખરેખર એક નમૂનેદાર અને ભવ્ય બન્યું. એમાં મુખ્ય ગભારામાં ભગવાન શેરીસા પાર્શ્વનાથની શ્યામ રંગની વિશાળ પરિકર સાથેની મોટી જિનપ્રતિમા પધરાવવામાં આવી અને જે પ્રતિમા જમીનમાંથી મળી આવી હતી તેની પ્રતિષ્ઠા જિનાલયના ભોંયરામાં કરવામાં આવી.

# શેરીસાતીર્થની સ્થાપના અંગે.......

વિ.સં. ૧૫૬૨માં ઈ.સન્ - ૧૫૦૬માં સેરિસા તીર્થની ઉત્પત્તિ અંગે સવિસ્તર વિવેચન વાળું સ્તવન કવિવર શ્રી. લાવણ્યસમયે સં.૧૫૬૨માં રચેલું સ્તવન સ્વ. પરમપૂજ્ય શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી મહારાજ સાહેબને પ્રાપ્ત થયેલું, તેમણે 'જૈન સત્યપ્રકાશ' (વર્ષ ૪, ક્રમાંક ૩૯, અંક ૩, પૃ. ૨૧૯) માં તે સ્તવન પ્રગટ કરાવેલું.

જેનો સાર આ પ્રમાણે છે : એક વખત વિદ્યાસાગર નામના કોઈ જૈનાચાર્ય પોતાના પાંચસો શિષ્યો સાથે વિહાર કરતા કરતા અહીં (શેરીસા) પધાર્યા. તેઓ મોટા માંત્રિક હતા. સંઘ સામે કોઈ મોટી આપત્તિ આવી પડે તેને દૂર કરવા માટે જ તેઆ મંત્રનો પ્રયોગ કરતા.એવા કેટલાક મંત્રોની પોથી તેઓ પોતાની પાસે રાખતા હતા.તેમના બે શિષ્યોને એ પોથી જોવાનું કુતૂહલ થયું. તે શિષ્યોએ રાત્રે એકાન્તનો લાભ લઈ એ પોથી ખોલી અને તેમાં રહેલા મંત્રનો પાઠ કરતાં તત્કાળ બાવન વીરો હાજર થયા. તેમણે કહ્યું કે, 'અમને શા માટે બોલાવ્યા છે, જે કોઈ કામ હોય તે કહો.' તે વખતે ચેલાઓએ કહ્યું કે, 'આ નગર બહુ મોટું છે પરન્તુ અહીં જિનપ્રાસાદ નથી. આ ખામી દૂર કરવા માટે તમે કાંતિપુર (અયોધ્યા) જઈ ને પરમાત્માનું મંદિર લઈ આવો.' બાવન વીરોએ કહ્યું કે, 'જ્યાં સુધી કુકડાનો અવાજ ન થાય ત્યાં સુધી અમે કાર્ય કરીશું અને કુકડાનો અવાજ થતાં પરોઢિયું થશે કે તરત અમે ચાલ્યા જઈશું.' એમ કહી તેઓ વેગથી ઊપડ્યા અને કાંતિપુર ગયા તેઓ રંગમંડપ સહિત આખો જિનપ્રાસાદ આકાશ માર્ગે ઉપાડી લાવી રહ્યા હતા એટલામાં ગુરૂમહારાજ જાગી ગયા અને તેમણે ઉપયોગ મૂકીને આ બનતી ઘટના જોઈ, તરત ચક્રેશ્વરી દેવીને યાદ કરી. ચક્રેશ્વરીએ આવીને કહ્યું કે, 'આ ઠીક નથી થતું. અહીં મ્લેચ્છોનો મોટો ઉપદ્રવ થશે અને ધર્મસ્થાનોનો ધ્વંસ થશે' તેથી ચક્રેશ્વરીએ કપટથી કુકડાનો અવાજ કર્યો અને બાવન વીરો જિનપ્રાસાદ અને બિંબો એકી સાથે લાવી રહ્યા હતા તે જમીન ઉપર મૂકીને ચાલતા થયા.

આ પ્રમાણે આ તીર્થની ઉત્પત્તિ થઈ.

કવિવર આગળ લખે છે કે,ઘણી મહેનત કરવા છતાં તે મૂર્તિ પોતાના મૂળ સ્થાનથી જરા પણ ચસકી નહીં તેથી સંઘ સત્યંત ઉદાસ બની ગયો.

કેટલાક દિવસ ગયા પછી ત્યાં કોઈ બિજા આચાર્ય (દેવેન્દ્રસૂરિ) આવ્યા. તેમણે અન્ય મંત્રની સાધના કરી તેથી ધરણેન્દ્ર સાક્ષાત્ હાજર થયો અને તે બીજી પાર્શ્વનાથની પ્રતિમા લઈ આવ્યો. કવિવર આગળ લખે છે કેઃ-

'થાપી પ્રતિમા પાસની લોડે એ;
પાસ પાયાલે જાવા ડોલે એ;
ડોલે એ પ્રતિમા નાગપૂજા, નવિ રહું હું તે વિના;
લખ લોક દેખે સહુ પેખે, નામ લોડણ થાપના;
સો રયણિ દીહે દેખી બીહે, મંત્રબલી ગુરૂ થિર કરી,

ગુરૂમહારાજે તે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરી અને તે વખતે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પાતાલમાં જવા માટે ડોલવા લાગી 'હું નાગકુમાર દેવોની પૂજા વગર અહીં નહીં રહું' એમ કહેતી જાણે ડોલતી હોય તેમ લાખો લોકોએ જોઈ. તે માંત્રિક ગુરૂએ મંત્રના બળથી તેને સ્થિર કરી દીધી ત્યારથી એનું નામ 'લોડણ પાર્શ્વનાથ' પડી ગયું, તે વખતે અનેક ભક્તોએ કરેલા અભિષેકના ન્હવણના પાણીનો પ્રવાહ એટલો મોટો થયો કે તેના ખાળનું બાકોરું નાનકડું પડવાથી તે પાણી ખાળ ઉપર થઈને આખી શેરીમાં ફરી વળ્યું. બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી તે નગરીની આ પાર્શ્વનાથ ભગવાનના મંદિરવાળી શેરી ઘણા માણસોના મુખથી શેરી સાંકડી-શેરીસા-કડી (આના દ્વારા ગર્ભિત રીતે શેરિસા અને પાસેના ગામ કડીનો નિર્દેશ કરાયેલો જોવા મળશે.)અને ત્યારથી એ સ્થાનનું નામ 'શેરીસા' પ્રસિદ્ધ થઈ ગયું જે આજ સુધી ચાલુ છે.

આ પ્રમાણે શેરીસા નગરમાં નવાંગવૃત્તિકાર શ્રી. અભયદેવસૂરિ મહારાજની શાખામાં થયેલા શ્રી ધનેશ્વરસૂરિના શિષ્ય શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે બારમી સદીમાં તીર્થની સ્થાપના કરી હતી, તે સંબંધે સં. ૧૩૮૯માં રચાયેલા 'વિવિધ તીર્થકલ્પ' માં સેરિસામાં જિનપ્રતિમાઓ કેવી રીતે આવી તેની ઘટના

નીચે પ્રમાણે વર્ણવેલ છેઃ-

'શેરીસા નગરમાં નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજની શાખામાં થયેલા શ્રી દેવેન્દ્રસૂરિજી ચાર બિંબો દિવ્યશક્તિથી આકાશમાર્ગે લાવ્યા હતા.

જેમણે ધરણેન્દ્ર અને પદ્માવતી આરાધેલાં છે એવા છત્રપાલીય શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ વિહાર કરતા કરતા એક વખતે સેરિસા નગર પધાર્યા અને ત્યાં ઉત્કટિકાસને કાઉસ્સગ્ગ કરવા લાગ્યા. આ પ્રમાણે વારંવાર કાઉસ્સગ્ગ કરવાથી શ્રાવકોએ પૂછ્યું કે, 'હે ભગવન્ ! આપ આવી રીતે વારંવાર કાઉસ્સગ્ગ કેમ કરો છે ? આમાં શું વિશેષતા છે ? '

સૂરિજીએ કહ્યું કે, 'અહીં એક સુંદર પાષાણની ફલહી-પટ્ટશિલા છે. તેમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા કરાવવાથી તે પ્રતિમા અતિશય પ્રભાવવાળી થશે.'

શ્રાવકોના અનુરોધથી આચાર્યશ્રીએ પદ્માવતી દેવીને આરાધવા અઠ્ઠમનો કર્યો. દેવી હાજર થઈ અને તેણે કહ્યું કે 'સોપારક નગરમાં એક અંધ શિલ્પી રહે છે. તે આવીને અઠ્ઠમ તપ કરીને પ્રતિમાજી ઘડવાનું કાર્ય શરૂ કરે અને સૂર્યાસ્ત પછીથી લઈને સૂર્યોદય પહેલાં તે પ્રતિમાજીને બનાવે તો તે મહાપ્રભાવિક થશે' શ્રાવકોએ સોપારક નગરના એ સૂત્રધારને બોલવવા માણસ મોકલ્યો. સૂત્રધાર આવ્યો અને દેવીના કહેવા પ્રમાણે મૂર્તિ ઘડવા લાગ્યો. ધરણેન્દ્ર સહિત પાર્શ્વનાથની પ્રતિમા તૈયાર થઈ. પ્રતિમાજી ઘડતાં છાતીમાં એક મસો દેખાવા લાગ્યો તેની ઉપેક્ષા કરીને સૂત્રધારે બાકીનું કામ ચાલુ રાખ્યું. ફરીથી બધું ઠીક કરતાં મસો દેખાયો. તેને દૂર કરવા તેના ઉપર તેણે ટાંકણો માર્યો તેથી પ્રતિમાજીમાંથી લોહી જેવો પ્રવાહ વહેવા લાગ્યો. સૂરિજીએ આ જોઈને તેને કહ્યું કે, આ તે શું કર્યું ? આ મસાથી તો પ્રતિમાજી મહાપ્રભાવિક બનશે તે મસાને અંગૂઠાથી દાબી દઈ ને લોહી બંધ કર્યું. આ પ્રમાણે આ પ્રતિમાજી તૈયાર થયાં. પછી બીજા પથ્થરો મંગાવી બીજાં ૨૪ જિનબિંબો તૈયાર કરાવ્યાં. દિવ્યશક્તિથી અયોધ્યાથી ત્રણ મોટાં બિંબો રાત્રિમાં

આકાશમાર્ગે મંગાવ્યાં. ચોથું બિંબ લાવતા રાત્રિ વ્યતીત થઈ ગઈ તેથી એ જિનબિંબ ધારાસણ ગામના ખેતરમાં સ્થાપિત કર્યું. ચોથું બિંબ ચૌલુક્યચક્રવર્તી રાજા કુમારપાલે કરાવીને સ્થાપન કર્યું. આ પ્રમાણે શ્રી જિનપ્રભસૂરિજી પ્રત્યક્ષ જોયેલી હકીકતનું વર્ણન કરતાં લખે છે કે, 'શેરીસામાં મહાપ્રભાવિક પાર્શ્વનાથ ભગવાન આજે પણ સંઘ દ્વારા પૂજાય છે. મ્લેચ્છો પણ આ તીર્થ ઉપર ઉપદ્રવ કરવા સમર્થ થતા નથી. આ પ્રતિમાજી જલદીથી બનાવેલ હોવાથી-એક રાત્રિમાં જ તૈયાર કરેલ હોવાથી પ્રતિમાજીનાં અવયવો બરાબર લાવણ્યયુક્ત દેખાતાં નથી. ગામના મંદિરમાં આજે પણ આ પ્રતિમા પૂજાય છે.- વિવિધતીર્થકલ્પ (પૃ. ૨૪-૨૫)

## શેરીસા અંગેના પ્રાચીન ઉલ્લેખો

આ ઉપરાંત શેરીસા તીર્થ અંગેના અન્ય જે મહત્વપૂર્ણ ઉલ્લેખો મળે છે તે છે:

સં. ૧૩૯૨માં શ્રી કક્કસૂરિએ રચેલા 'નાભિનંદન જીર્ણોદ્ધારપ્રબંધ(પ્રસ્તાવ-૪, શ્લોક ૩૨૪-૩૨૭)માં' પાટણનિવાસી શ્રી દેશલશાહ તથા તેનો પુત્ર શ્રી. સમરસિંહ સંઘ સહિત શેરીસા યાત્રા માટે આવ્યા હતા, તેને લગતું વર્ણન કરેલું છે તે નીચે મુજબ છે.

'સંઘપતિ શ્રી દેશલનો સંઘ નિરંતર પ્રયાણ કરતો કરતો શેરીસા તીર્થ જઈ પહોંચ્યો. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉંચી બેઠક પર બિરાજમાન છે. આ કલિયુગમાં પણ ધરણેન્દ્ર તેમના ચરણની સેવા કરી રહ્યો છે. પૂર્વે દેવની આજ્ઞાથી એક શિલ્પીએ આંખે પાટા બાંધીને માત્ર એક જ રાત્રિમાં જ મૂર્તિને બનાવી હતી. વળી, નાગેન્દ્રગચ્છના અધીશ્વર શ્રીમાન દેવેન્દ્રસૂરિ સમ્મેતશિખર પર્વત ઉપરથી પોતાની મંત્રશક્તિ વડે વીશ તીર્થનાયકોની પ્રતિમાઓ લાવ્યા હતા, તેમાનાં ત્રણ બિંબો કાંતિપુરી (અયોધ્યા)માં રહેલા છે. તે ત્રણ બિંબો અહીં તેમણે સ્થાપના કરી તે જ દિવસથી આરંભીને દેવેન્દ્રસૂરિએ ઉત્તમ તીર્થની અહીં સ્થાપના કરી. આ તીર્થ દેવના પ્રભાવને લીધે મનુષ્યોના સર્વ મનોવાંછિત પૂર્ણ કરે છે. સંઘપતિ દેશલે એ તીર્થમાં સ્નાત્રપૂજા, મહોત્સવ તથા મહાધ્વજા આદિ સર્વ ધર્મકાર્યો કર્યા અને તેની આરતી ઉતારી

હતી. સમરસિંહે ગવૈયાઓને તથા સ્તુતિપાઠકોને સુવર્ણના અલંકારો અને વસ્ત્રો અર્પણ કર્યા હતા. તે પછી અઠ્ઠાઈમહોત્સવ કરી દેશલે સંઘ સાથે આગળ પ્રયાણ કર્યું હતું.(આ સમરસિંહ એ સમરાશા ઓશવાળ જેમણે વિ.સં. ૧૩૭૧માં આચાર્યશ્રી સિદ્ધસૂરિજીની નિશ્રામાં શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કર્યો હતો.)

........................

વિ.સં. ૧૫૧૯માં શ્રી રત્નમંડનગણિએ રચેલ 'ઉપદેશ તરંગિણી'માં પણ આ વાતનું આ પ્રમાણે સમર્થન કર્યું છે.-

"तथा सेरीसक्तीर्थं देवचन्द्रक्षुल्लकेनाराधितचक्रेश्वरीदत्तसर्वकार्यसिद्धिकरणत्रिभूमिमयगुरुचतुर्विंशतिकायोत्सर्गिश्रीपार्श्वनाथादि-प्रतिमासुन्दरः प्रासादः एकरात्रिमध्य कृतः तत्तीर्थं कलिकालेऽपि निस्तुलप्रभाव दृश्यते ।"

– उपदेशतरङ्गिणी, पृ० ५

- દેવચંદ્ર નામના ક્ષુલ્લકે ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું હતું. તેથી પ્રસન્ન થઈ ને દેવીએ સર્વકાર્યોની સિદ્ધિનું વરદાન આપ્યું હતું, જેથી ત્રણ ભૂમિવાળું એક અત્યંત સુંદર જિનાલય એક રાત્રિમાં જ બનાવ્યું હતું. તેમ શ્રી પાર્શ્વનાથ ભગવાન વગેરે ચોવીશે જિનેશ્વરોની કયોત્સર્ગ ધ્યાનમાં રહેલી પ્રતિમાઓને સ્થાપન કરી હતી. કલિકાલમાં પણ આ તીર્થનો મહિમા અનુપમ દેખાય છે.

........................

'ઉપદેશસાર-સટીક'માં તીર્થ સંબંધી નિમ્નલિખિત ઉલ્લેખ મળે છે, જે ઉપરની વાતને જ પુષ્ટિ આપનારો છે.

"तथा सेरीसक्तीर्थ देवेन्द्रक्षुल्लेनाराधितचक्रेश्वरीदत्तवरकार्यसिद्धिकरणप्रसादात् त्रिभूमिमयप्रौढचतुर्विंशतिकायोत्सर्गि श्री पार्श्वजिनप्रतिमासुन्दरः प्रासादः एकरात्रिमध्ये दक्षिणदेशमध्यागतजैनकान्तितः आनीय कृतः तत्तीर्थं कलिकालेऽपि महामहिमगेहं सर्वोपद्रवहरं च दृश्यते ।

–उपदेशसार सटीक, पृ० ३

-દેવેન્દ્ર નામના સાધુએ ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું તેથી તે દેવીએ પ્રસન્ન થઈ તે ઉત્તમ કાર્યોની સિદ્ધિનું વરદાન આપ્યું. તેના પ્રભાવથી તેમણે ત્રણ ભૂમિવાળું એક અત્યંત સુંદર જિનાલય એક રાત્રિમાં જ બનાવ્યું અને પાર્શ્વનાથ વગેરે ચોવીસે તીર્થકરોની કાર્યોત્સર્ગ ધ્યાનમાં રહેલી પ્રતિમાઓને દક્ષિણ દેશમાં રહેલા જૈન કાન્તિપુરથી લાવીને આ શેરીસા તીર્થની સ્થાપના કરી હતી. આ શેરીસા તીર્થ આ કલિકાલમાં પણ અતુલ પ્રભાવવાળું છે. સર્વ ઉપદ્રવોને હરણ કરનારું છે.

.........................

ચૌદમી શતાબ્દીમાં થયેલા શ્રી જિનપ્રભસૂરિએ રચેલા 'તીર્થયાત્રા સ્તોત્ર'માં લખ્યું છે કે-

''सेरिसयपुरतिलये पासजिणमणेयबिंबपरियरिय !''

-સેરિસા નગરના તિલક સમાન શ્રી પાર્શ્વનાથ ભગવાન અનેક બિંબોથી યુક્ત છે.

.........................

ચૌદમા સૈકામાં થયેલા શ્રી વિનયપ્રભ ઉપાધ્યાય પોતાના 'તીર્થયાત્રાસ્તવન'માં નજરે જોયેલી હકીકતનું વર્ણન કરતાં લખે છે.

''लोडणु ए पासु पणमेसु, सेरीसे पहो सिद्धकरो ।''

શેરીસામાં રહેલા શ્રી લોડણ પાર્શ્વનાથને હું પ્રણામ કરું છુ. હે પાર્શ્વનાથ! તમે સિદ્ધિ કરનાર થાઓ.

(- 'જૈન સત્યપ્રકાશ'વર્ષ ૧૭ અંક ૧, ક્રમાંક ૧૦૩)

.........................

શ્રી જિનહર્ષગણિ 'શ્રી વસ્તુપાલચરિત્ર'ના સાતમા સર્ગમાં લખે છે:

'ततो वर्जन् प्रजातङ्क प्रतिहर्ता सतां मतः ।
श्रेयाऽर्थी श्रेयसां मूलं स श्रीपार्श्वजिनेश्वरम् ॥२६॥
साक्षान्नागेन्द्रसंसेव्यं सेवकाभीष्टदायकम् ।
पूरं सेरीसके प्राप्यं पुपूज प्रौढपूजया ॥२७॥

तच्चैत्ये काश्चनं कुम्भं न्यधान्मन्त्री कृतोत्सवम् ।
चतुष्किकाचतुष्कं च धर्मशाला पुनः मंत्री ॥२८॥
व्यंधाततत्र जिनाधीशपूजार्थं वाटिका नवाम् ।
वापीप्रपायुतं सत्रागारं च विदधे सुधीः ॥२९॥
धर्मार्थं तत्र निर्माय दम्मलक्षव्ययं पुरम् ।'

ત્યાર પછી વસ્તુપાલ ચાલતાં ચાલતાં સેરસકપુર (શેરીસા-મહાતીર્થ) માં આવ્યા. સાક્ષાત્ નાગેન્દ્રથી સેવ્યમાન અને સેવકોને અભીષ્ટ આપનાર એવા પાર્શ્વનાથ પ્રભુની પ્રૌઢ સામગ્રી સહિત પૂજા કરી. વસ્તુપાલ મંત્રીએ તે ચૈત્ય ઉપર ઉત્સવપૂર્વક સુવર્ણકુંભ સ્થાપન કર્યો તેમજ ચાર ચોકીઓ અને ધર્મશાલા કરાવી. વળી, જિનપૂજા નિમિત્તે સુજ્ઞ મંત્રીએ વાવડી સહિત સુંદર વાટિકા બનાવી. પરબ યુક્ત દાનશાળા પણ ખોલાવી અને ત્યા ધર્મની પ્રભાવના નિમિત્તે એક લાખ દ્રમ્મનો વ્યય કર્યો.

......................

પંદરમી શતાબ્દીમાં રચાયેલી એક 'તીર્થમાળા'માં સેરિસાને શાશ્વતા તીર્થ તરીકે વર્ણવલા છેઃ

'संकेसरि सेरिसे तारणि पंचासरि चारुपी आरासणी ॥'

(પ્રાચીન જૈનતીર્થમાળા ભાગ-૧, પૃ-૧૪૪, ગાથા-૨૦)

......................

'વસ્તુપાલ મંત્રીએ વિ.સં. ૧૨૮૫માં શેરીસામાં નેમનાથ અને મહાવીરના બે ગોખલાઓ કરાવ્યા હતા.'

આજ વાત શ્રી જિનહર્ષગણિએ 'શ્રી વસ્તુપાલચરિત્ર' માં નીચે પ્રમાણે લખી છે.-

'सेरीसापार्श्वभवने खत्तके नेमिन्वीरयोः ।
मल्लदेव-पूर्णसिंहपुण्यायायमकारयत्

- वस्तुपालचरित्र, प्रस्ताव ८, पृ० १३४

પોતાના ભાઈ મલ્લદેવ  તથા મલ્લદેવના પુત્ર પૂર્ણસિંહના કલ્યાણ માટે શ્રી નેમનાથ ભગવાન તથા શ્રી મહાવીરસ્વામીના બે ગોખલા કરાવ્યા હતાં.

........................

'પુરાતનપ્રબન્ધ સંગ્રહ'માં પણ સેરિસા તીર્થનો ઉલ્લેખ આવે છે.

'अथ् श्रीदेवेन्द्रसूरिभिः श्री सेरिसके तीर्थे निर्म्मिते कान्तितः आकृष्टिविद्यया महाबिम्बानि समानीतानि । मनसि इति चिन्ति जाताश्रीपत्तनं सेरीसकं च एकमेव विद्यास्यामि । अत्रान्तरे गाजणपतिनृपतेरुपरि कटकं विधाय श्रीकुमारपालदेवः सह तत्रागत ।(-पुरातनप्रबन्धसंग्रह, पृ० ४७)

આજ પુરાતન પ્રબંધ સંગ્રહ-પૃષ્ઠ ૧૧૪ ઉપર(**અવશિષ્ટ પ્રબંધમાં ૨૪૯મો પ્રબંધ**)માં નોંધાયું છે કે પૂર્વકૃત કર્મોના ઉદયે કેટલાક અતિ વિદ્વાન આચાર્યો કૃષ્ઠ રોગના શિકાર બન્યા ત્યારે ઔષધિ વગેરેથી રોગ દૂર ન થતા શ્રી શેરીસા તીર્થની યાત્રાર્થે આવ્યા અને પરમાત્માની પ્રતિમા સમક્ષ પાણી સિવાયના ૩ આહારનો ત્યાગ કરીને ધ્યાનમાં બેસી ગયા. સાત દિવસ પછી તો પાણીનો પણ ત્યાગ કર્યો. (ત્યારબાદ આ પ્રતિમાના પ્રભાવથી એમનો કૃષ્ઠ રોગ દૂર થાય છે.)

........................

સં. ૧૭૪૬માં રચાયેલી 'તીર્થમાળા'માં લખ્યું છે કે:-

'શેરીસે લોઢણ જિનપાસ, સંખીસરી પૂરિ આસ;
જૈનકાંતિથી આણી દેવ, મંત્રબલી ચેલાની સેવ.'

(- તીર્થમાળા ભાગ ૧. પૃ. ૧૨૫, કડી ૧૫૮)

........................

સં. ૧૭૭૫માં રચાયેલી એક 'તીર્થમાળા'માં લખ્યું છે કે-

'ભવિયણકે ભવિયણ સેરિસે સામલો.'

- જયસાગર કૃત તીર્થમાળા,
('જૈન સત્યપ્રકાશ'વર્ષ ૨૨, અંક ૮, ક્રમાંક ૨૬૦)

'ધૃતકલ્લોલ સંખેસરુ એમ, સેરિસઈ સરિઆ કાજ.'

- ૧૭મી સદીની અપ્રગટ 'તીર્થમાળા' લક્ષ્મીકુલના શિષ્ય શ્રીજયકુલ કૃત, (જૈન સત્યપ્રકાશ વર્ષ ૮, અંક ૬-૭, ક્રમાંક ૯૦-૯૧, પૃ. ૧૯૧, કડી ૮૩)

.......................

વિ.સં. ૧૭૦૦ની આસપાસ થયેલા ઉપા. શ્રી સમયસુંદરગણિ આ તીર્થ વિષે લખે છે કે-

**'સમયસુંદર કહઈ જિમ વિસ્તરઉ,**
**સેરિસામંડન પાર્શ્વનાથ ભગવાન.**
**સકલ મૂરતિ સેરીસઈ,**
**પોષ દશમિ, પારસનાથ ભટેવઉ દેવ,**
**નામી દેહરઉ દીસઈ. ૧**
પ્રતિમા લોડતિ જાઈ, પાતાલઈ ધરણિ આઉ ધિરઈ સીસઈ,
ભાવ ભગતી ભગવંતની કરતાં, હરખ ઘણઈ હીયડઈ હીસઈ;
પટણી પારિખ સૂરજી સંઘસું, જાત્રા કરી ભલી સુજગીસઈ,
સમયસુંદર કહઈ સાચઉ, મઈ જાણ્યઉ વીતરાગ વીસા વીસે.'

('જૈન ગૂર્જર કવિઓ' ભા.૩, ખંડ -૧, પૃ. ૮૭૩)

.......................

મહામંત્રી વસ્તુપાલે આ તીર્થને મહાતીર્થની ઉપમા આપી છે તે માટે 'શિલાલેખ સંગ્રહ-આબુ ભા. ૨' વસ્તુપાલ-તેજપાલના જિનાલયની મોટી પ્રશસ્તિમાં ઉલ્લેખ છે.

.......................

પ્રાચીન જૈનમંદિર જે ખંડિયેરરૂપે પડ્યું હતું અને તેમાં જે પથ્થરના ઢગલાઓ પડ્યા હતા તેમાંથી સફેદ આરસના પરિકરની ગાદીના બે ટુકડાઓ મળી આવ્યા હતા. તેનો આગળનો ત્રીજો ટુકડો મળી શક્યો નથી. પરન્તુ તે ટુકડામાં આ પ્રમાણે લેખ વંચાય છેઃ-

"५ वर्षे फागुणवदि २ रवौ श्रीमत्पत्तनवास्तव्यप्राग्वाटान्वयप्रसूत ठ० श्रीसोमतनुज ठ० श्री आशराजनंद - (२)... क्षिसंभूताभ्यां संघपति महं० श्रीवस्तुपाल महं० श्रीतेजपालाभ्यां निजाग्रजबन्धों महं० श्रीमालदेवस्य श्रेयोऽर्थ श्रीमालदेवसुत ठ० पुनसिंहस्य (३)... पार्श्वनाथमहातीर्थे श्रीनेमिनाथजिनबिंबमिंद कारितं ॥ प्रतिष्ठतं श्री नागेन्द्रगच्छे भट्टारकश्रीविजयसेन..."

-મહામંત્રી વસ્તુપાલ તેજપાલે પોતાના ભાઈ માલદેવ અને તેના પુત્ર પુનસિંહના શ્રેય માટે શેરીસા મહાતીર્થના શ્રી પાર્શ્વનાથ ચૈત્યમાં શ્રી નેમિનાથનું બિંબ ભરાવી પધરાવ્યું. અને તેની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છના શ્રી વિજયસસેનસૂરિએ કરી.

આ સં. ૧૨૮૫ હોવા જોઈએ. કેમકે લેખમાં માત્ર (૫) પાંચનો આંકડો જ વંચાય છે. (હાલમાં આ ગાદીનો ભાગ આણંદજી કલ્યાણજી પેઢી પાસે સુરક્ષિત છે.)

એક વિશેષ વાત :શેરીસાના જિનાલયની વિ.સં. ૧૪૨૦ના લેખવાળી પદ્માવતીની મૂર્તિ નરોડા ગામમાં વિદ્યમાન છે, જે વિ.સં. ૧૪૨૦ પછીના કોઈ વિપ્લવ સમયે ત્યાં લઈ જવામાં આવી હશે. સદ્દભાગ્યે અહી ભંડારેલી કેટલીક મૂર્તિઓ મળી આવી છે. (આજે નરોડા ગામના શ્રી ગોડીજી પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયકની જમણી બાજુ વિશેષ દેરીમાં બિરાજમાન રક્તવર્ણી દેવી પદ્માવતીજીની મૂર્તિ અતિ મહિમાશાળી, પાવનકારી અને ચમત્કારી ગણાય છે. દિવસે દિવસે એનો મહિમા વધતો જાય છે. દર પૂર્ણિમા અને શુક્લા પક્ષની ૧ના દિવસે તો અહીં મેળા જેવું વાતાવરણ સર્જાય છે. અહી સાડી-ચૂંદડી ચઢાવવાનો તથા પદ્માવતીજીની આરતિ ઉતારવાનો મોટો મહિમા છે.

અમદાવાદ સ્થિત શ્રી પાર્શ્વનાથ મૂળનાયકવાળા જિનાલયના ગભારામાંની એક પ્રતિમા ઉપરના લેખમાં પણ શેરીસાગ્રામનો નિર્દેશ છે.

**सं. १५४३ वैशाख सुदि ९ भोमे ब्रह्माणगच्छे** श्रीमाल **सा०** मं. **हीरा भा० वाई सुत सहिसा भा० रुपिणि सुत सूराकेन मातृपितृश्रेयोऽर्थं श्रीसुमतिनाथंबिंब का० प्र० श्री विमलसूरिपट्टे श्रीबुद्धिसागरसूरिभिः सेरीसाग्रामे।**

– जैनधातुप्रतिमालेखसंग्रह भा० १, पृ. १६६ (લેખાંકઃ નં. ૯૧૫)

શેરીસા તીર્થમાં હાલમાં નીચે પ્રમાણેના સ્થાનોનો વિકાસ થયો છે.

પૂ. સાધુ ભગવંતોને ઉતરવામાટે ઉપાશ્રય તથા પૂ. સાધ્વીજીભગવંતોને ઉતરવા માટે ઉપાશ્રયની સુવિધા છે.

આવનારા યાત્રિક ભાઈ-બહેનોની સગવડતા માટે ૧૮ સેમિ બ્લોકવાળી જુની ધર્મશાળા તથા ૧૨ બ્લોક વાળી નવી ધર્મશાળાઓ પણ છે.

કમ્પાઉન્ડમાં જ ડાબા હાથે ખૂણા ઉપર મધ્યમ કદની ભોજનશાળાની સગવડતા છે પણ તેનો વહીવટ સ્વતંત્ર ટ્રસ્ટ કરે છે.

**અને છેલ્લે.......**

અમદાવાદથી ખૂબજ નજદીકના અંતરે આ તીર્થ આવેલું હોઈ યાત્રિકો સારી એવી સંખ્યામાં આવતા હોય છે. દિવાળીની રજાઓ, ઉનાળુ રજાઓ વગેરેમાં તો અહીં ધર્મશાળામાં જગ્યા જ રહેતી નથી! વરસો પહેલા અમદાવાદની આસપાસ શેરિસા, પાનસર,રાંતેજ, ભોયણી અને માતર જેવા તીર્થોની બોલબાલા હતી. આજે સગવડ પ્રિય માનસિકતાના કારણે તીર્થયાત્રાને પર્યટન.. ટૂર, પ્રવાસ કે મોજમજાની નજર લાગી ગઈ છે. છતાંયે અન્ય તીર્થોની અપેક્ષાએ શેરીસાનો મહિમા અકબંધ જળવાયો છે.

શેરીસાના મુખ્ય પ્રાસાદની નીચેના ભોંયરામાં લોઢણ પાર્શ્વનાથ અને કેશરિયાજી આદીશ્વર ભગવાનની વિશાળ પણ મનોહારી પ્રતિમાના સાનિધ્યમાં બેઠા ન બેઠા ત્યાં તો ધ્યાનની તાલી અનાયાસે લાગી જાય છે! ભક્તિભર્યા હોઠોથી સરતા શ્લોકો.....સ્તોત્રો...... સ્તવનોની પંક્તિઓ

ધીમે ધીમે ખામોશીના ખરલમાં ઘૂંટાઈને નીરવને નેડે જઈ ચઢે અને બંધ પાંપણની પાછળ આંસુઓના બિંદુ બાઝવા માંડે અને પછી ભક્ત ભગવાનમય બની જાય! સાધક શુદ્ધની સોબતમાં સંગોપાઈ જાય!

અહીં ધ્યાન કરવું નથી પડતું, થઈ જાય છે! આયાસ વગર આરાધનાનું આકાશ ઉઘડવા માંડે છે! પ્રયાસ વગર પૂર્ણ પ્રેમની પારદર્શી પળો પાંગરવા માંડે છે!

થોડી પળો.. થોડી ક્ષણો અહીં ગુજારો... સમય સ્વયં થંભી જશે! સ્વ અહી ઓગળી જશે.

અહીંયા દેરાસરમાં લાઈટોની ઝાકઝમાળ કે આંજી દેતી ભડકાઉ રોશની ના બદલે ઘીના સૌમ્ય અને શાંત પ્રશાંત દીવાઓનો આછો આછો પ્રકાશ તનનો થાક હરી લે છે, મનને મહોરાવે છે અને એમાંયે ઢળતી સાંજે અને આભથી ઉતરતી અંધારાની ઓઢણી ઓઢેલી રાતની સાથે પેટી-તબલાના તાલે, ઘોંઘાટ વિહોણા સુરોમાં જ્યારે પ્રભુ સમક્ષ ભાવના-ભક્તિની ભાતીગળ રંગોળી શબ્દોના સાથિયા અને સ્વરના દીવડાં પેટાવીને રચાતી હોય ત્યારે તો અદભૂત અણસારનો અનહદ નાદ ધીમો ધીમો પડઘાતો હોય છે! આ પળોના કારવામાં જોડનારને જાત-જગત અને જગદીશ્વરની ઝળાહળ જ્યોતની ઝાંખી સાંપડે છે! પ્રેમ અને પરમેશ્વરનો પમરાટ લાધે છે.

## મહાતીર્થ ગિરનારજી પર્વત ઉપર સર્વસાધારણ સહયોગની તકતીની યોજના

રૂ. ૧૧ લાખ, રૂ. ૫ લાખ, રૂ. ૨ લાખ ૫૧ હજારની યોજનાઓ ચાલુ છે. કલ્યાણકત્રયની તીર્થ ભૂમિ ઉપર સર્વસાધારણ દ્વારા ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિનો શ્રેષ્ઠ લાભ પ્રાપ્ત થતો હોય છે.

## શેરીસાનું સમીપવર્તી વામજ તીર્થ

અમદાવાદથી આશરે ૩૫ કિ.મી. અને કલોલથી ૬ કિ.મી. દૂર વામજ ગામ છે. સેરિસા તીર્થની નજદીક આવેલું આ વામજ તીર્થ શેરીસાના જોડીયા તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. તેથી શેરીસા-વામજ તીર્થ એવો વ્યવહાર પણ થાય છે. આ તીર્થમાં મૂળનાયક પૂ. પરમાત્માશ્રી આદીશ્વર ભગવાન છે. આ પ્રતિમાજી પ્રાચિન છે. ગામમાં ત્રિભોવન કણબીના ઘર પાસેથી ખોદતાં સંવત ૧૯૭૯ના માગશર વદિ-૫ને શનિવારે પ્રતિમાજી નીકળ્યાં હતા. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના વખતનું હોવાનું મનાય છે. આ સાથે ચાર કાઉસ્ગ્ગીયા, બે ઈન્દ્રણી દેવીની મૂર્તિ, બે ખંડિત ઈન્દ્રની મૂર્તિ પણ મળી આવી હતી. કહેવાય છે કે પૂર્વે અહીં ભવ્ય જિનાલય હતું. તે જિનાલયની અંદર ભોયરૂ હતું તેનો સંબંધ સેરિસા તીર્થ સાથે હતો, પરંતુ મોગલોના આક્રમણને કારણે અન્ય તીર્થોનો વિનાશ થયો તેવી રીતે આ તીર્થનો પણ વિનાશ થયો અને બધુંજ અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. પૂર્વના જિનાલયના કેટલાંક અંશો જેવાકે પરિકર તથા મૂર્તિના ભાગો વામજના જ એક મંદિરમાં મૌજુદ છે.

સંવત ૧૯૯૬ (ઈસ્વીસન્ ૧૯૪૦) વામજ ગામમાં શેઠશ્રી ડાહ્યાભાઈ કપુરચંદ ઝવેરીએ નવું દેરાસર નિર્માણ કરાવવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ આ તીર્થનો વહીવટ પેઢીને સોંપવામાં આવ્યો હતો. નૂતન જિનાલયમાં વિક્રમ સંવત ૨૦૦૨(ઈસ્વીસન્ ૧૯૪૬)માં વૈશાખ વદિ ૧૩ને દિવસે સૂરિસમ્રાટ વિજયનેમિસૂરિજી મહારાજસાહેબના શિષ્યરત્નશ્રી વિજય ઉદયસૂરિજી મહારાજસાહેબના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ તીર્થ શેરીસાથી ૧૦ કિ.મી. તથા કલોલથી ૬ કિ.મી.ના અંતરે આવેલું છે.

સરનામું શેઠ આણંદજી કલ્યાણજી, વામજ - ૩૮૨ ૭૨૧ (વાયા કલોલ)

સંપર્ક :- શેઠ આણંદજી કલ્યાણજી

મુ.પો. સેરિસા - ૩૮૨ ૭૨૧ જિ. ગાંધીનગર

ફોન નં:- ૦૨૭૬૪-૨૫૦૧૨૬

## તીર્થોમાં ગાન ઉત્સવ

## ભક્તિની ભીનાશનો અહેસાસ કરાવતી શબ્દ, સ્વર અને સાજની સહયાત્રા !

ઘણાં લાબા સમયથી જૈન સંઘમાં એક કટોકટી ઘેરી બનતી જાય છે. દેવ-ગુરુ-ધર્મની ઉપાસનાના ભક્તિ માર્ગની ગીત સંગીતની કેડી, કર્કશતા, ઘોંઘાટ, છીછરા શબ્દો, લોકભોગ્ય ઢાળોના નામે લયવિહોણા, ફિલ્મી ઢાળોનાં ઢગલામાં અટવાઈ ગઈ છે. શબ્દોમાં શાન નથી. ગાયકીમાં ગાન નથી. પ્રસ્તુતિમાં પ્રાણ નથી. વાદ્યોમાં વાદન નહી પણ ઉન્માદ ઉભરાય છે. ગીતમાં ગુલાબની પાંખડીઓનો ઉઘાડ નથી પણ જોડતોડ અને પ્રાસનો પછાડ છે. શોરબકોર અને અવાજોનું અડાબીડ જંગલ ઉભું થઈ જાય છે ! ભાવોની અભિવ્યક્તિથી ઓપતું સુર અને શબ્દના મેળવાળું મધુવન નથી રચાતું !

એક નવતર પ્રયોગ કરવાનો વિચાર ઉદ્દભવ્યો.....

અને ધીમે ધઈમે આકાર પામ્યો, એક ભક્તિભાવથી રસતરબોળ ગાન ઉત્સવ !

સાકાર બન્યો સ્તોત્ર, સ્તુતિ, સ્તવનાના ગાનનો મહોત્સવ !

તીર્થોની તારણહારી ભૂમિમાં સેંકડો વરસોથી અતીત અને વર્તમાનને અદ્દભૂત રીતે ઉજાગર કરતા દેવાલયોના દ્વારે બેસીને પૂર્વમહર્ષિઓ... મહાપુરૂષોએ રચેલા સ્તવનોને ભારતીય સંગીતના સાજ... અને સંગીતના શાસ્ત્ર આધારિત સૂરોના સુમેળ સાથેની પ્રસ્તુતિ એટલે આ ગાન ઉત્સવ !

તારણહાર તીર્થોમાં સાધકોએ સાધનાની ધૂણી ધખાવી છે, આરાધનાની અહાલેક જગાવી છે ! અવિનાશીના આશકોએ ઉપાસનાની ઉર્જાથી એ ધરતીને ધબકતી રાખી છે. એ તીર્થોની ઉર્જાને આંદોલનોને ગીત-સંગીત અને સ્તવનાના સહારે સ્પર્શવાનો આછેરો આયાસ એટલે આ ગાન ઉત્સવ !

ભારતના ખ્યાતિ પ્રાપ્ત ધ્રુપદ ગાયક બંધુઓએ (ગુંદેચા બ્રધર્સ) પોતાના ચુનંદા કલાકારોના કસબી કાફલા સાથે હાલમાં જ તારંગાજી તીર્થ તથા રણકપુર તીર્થની ભોમકાને ભક્તિ ભીનાથશી ભરી ભરી બનાવી દીધી !

**વાત માંડીને કરીએ :-**

તા. ૧૭મી નવેમ્બર ૨૦૧૫ની સોહામણી સાંજ ઢળી અને તારણગિરિના ખોળે ગૂર્જરેશ્વર પરમાર્હત સમ્રાટ કુમારપાળ દ્વારા વિનિર્મિત ભવ્ય ઉત્તુંગ અને શિલ્પકળાથી ખિચોખિચ સૌન્દર્ય મઢ્યું શ્રી અજિતનાથ જિનાલય એમાં બિરાજમાન દ્વિતીય તીર્થંકર પરમાત્મા શ્રી અજિનાથ ભગવાન તથા આભથી ઉતરતી રાતની સાખે દેવાધિધેવની આરતી ઉતારવામાં આવી. મંગલદીવાનો પ્રકાશ પથરાયો અને પછી દેરાસરના પૂર્વાભિમુખ દરવાજે મંડાણી પ્રભુ સાથેની ગીત સંગીતથી ભરી ભરી ગાન ગોઠડી ! દેવાલયના બંધ દ્વારના જ ઓટલે બેસીને ઉમાકાંતજી ગુંદેચા અને રમાકાંતજી ગુંદેચા બંધુઓએ નમસ્કાર મહામંત્રનું મંગલગાન ઘૂંટવા માંડ્યું... પછી તો 'દેખો માઈ ! અજબ રૂપ જિનજી કો' થી આરંભાયેલી સ્તવનાના ભોપાલી સપ્તતાલાલ સૂરોની યાત્રા આગળને આગળ વધતી ગઈ ! નેમિનિરંજન નાથ હમારો, ડગર બતા દે પૂજારીયા, ચલો સજની જિન વંદન કો, પ્રભુ મોહે ઐસી આય બની, જય જય જય પાસજિનંદ, ધન ધન પાર્શ્વનાથ, શત્રુંજા ગઢના વાસી રે, ડગર બતાદે પિયારીયા વગેરે પ્રભુ ભક્તિના ભાવોથી ભર્યા ભર્યા સ્તવનોના ગાને જુદા-જુદા શાસ્ત્રીય રાગોમાં સમગ્ર વાતાવરણને ભક્તિથી હિલોરે ચઢાવ્યું.

સ્તવનોની અનુભૂતમિનું આકાશ ઉજાગર કરતી પંક્તિઓ પુષ્પ બનીને પથરાવા માંડી અને સાથે સાથે શબ્દ સુરની સંગત કરતા સાંજનું સતરંગી સૌન્દર્ય ખુલવા માંડ્યું... ખીલવા માંડ્યું... જેમાં સંતોષ સંતે

બંસરીનો મધુરપને વેરાવા દીધી... તો ફારુકભાઈએ સારંગીના તારોને તીવ્ર-મધ્યમ સૂરોથી રણઝણાવીને સમગ્ર પ્રસ્તુતિને રંગી દીધી ! સત્યેન્દ્ર સોલંકીએ આંગળીઓમાં અટવાયેલા સંતૂરના તારોને આહિસ્તા આહિસ્તા મીઠાશથી મહોરાવી દીધા ! તબલા ઉપર રામેન્દ્ર સોલંકીની આંગળીઓ અને પંજાની હળવી થિરકાટે સંગતનો રંગ જમાવ્યો ! પખાવજ જેવા સદાબહાર શાસ્ત્રીય વાદ્ય ઉપર જ્ઞાનેશ્વર દેશમુખ અને અખિલેશ ગુંદેચાના બંનેના હાથની કરામતે થપકીઓના થાપા એવા તો રચ્યા જાણે ગાન ઉત્સવની આજુબાજુ શુભ-લાભની છાપ થપાઈ ગઈ ! અનુપસિંહ બોરલિયાની રમતિયાળ હથેલીમાં તાલવાદ્યોના શ્રુતિ મધુર નર્તને સમગ્ર કીર્તનને આછા આછા હોંકારાથી જાણે જીવંત બનાવે રાખ્યું ! ગુંદેચા બ્રધર્સની ઉગતી પેઢીના ઉમદા કલાકારો ધાની ગુંદેચા તથા અનંત ગુંદેચાએ ગાન-ઉત્સવના ત્રણે સત્રોમાં તાનપુરા પર આંગળીઓને રમતી મૂકી ! રમતી રાખી !

૧૮મી નવેમ્બરની સાંજ ઢળી અને આભની અટારીએથી ઉતરતી રાત વળી વધારે નિખાર અને રાગોના વિવિધ શણગાર સજીને પ્રારંભાઈ ! અંદરની અરતિને અળગી કરીને અંતઃકરણને અજ્ઞાત અનુભૂતિ માટે આર્ત કરતી આદિદેવની આરતી તથા વેદનાથી વલૂરાયેલા જીવનના જંગલને મંગલમય ભાવોથી સ્પર્શતા, મંગલદીવાનું ગાન પ્રભુ સમક્ષ કરીને એ જ દેરાસરના ઓટલે મંડાણી સૂર, શબ્દ અને સાજની રંગત... એકદમ અંગત લાગતી જાહેર સંગત ! અહીર ભૈરવ સૂરોના શામિયાણા તળે 'નમો અરિહંતાણં' ના મંગલમય ગાનનો કાફલો ધીમે ધીમે ઉતરવા માંડ્યો. તેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવંતની પ્રાસાદિક ઉર્જાથી સમૃદ્ધ બનેલા સ્તોત્ર ઉવસગ્ગહરંનું ગાન પણ અહીર ભૈરવના સૂરોમાં 'પાસં પાસં વંદામિ' થી ઘૂંટાતું ગયું ! ગૂંજતું થયું !

ઉપાધ્યાય વીરવિજયજીની રચના 'તારંગા તીર્થે સોહાય, પ્રભુ મેરો

તારંગા તીર્થે સોહાય' ના શબ્દોને રમાકાંતજી રમાડવા માંડ્યા. ઉમાકાંતજી એમાં મ... પ... ધ... સા... ગ... રે.... ના.... સૂરોનો ગુલાલ ઉડાડવા માંડ્યા... અને આછી આછી ગુલાબી ઠંડકની લહેરોમાં લપેટાઈને જતી રાતના આગોશમાં ધ્રુપદ ગાનની તાન પાંગરવા લાગી...

રાગ જયજયવન્તીના ઝમકભર્યા સૂરો અન ચૌતાલ તાલના સંમિશ્રણમાં લસોટાતી... પલોટાતી... રચના કે જે જાત સાથે જગતને પણ સંબોધે છે. 'વીર જપલે વીર જપલે' આ પ્રસ્તુતિમાં ગુંદેચાજીની ધ્રુપદ ગાયકીની મનભર છબિ જીવંત બની ઉઠી !

અહીર ભૈરવના તીવ્ર-મંદ્ર-સૂરોની સુંવાળપમાં સૂલતાલના ટેરવે વિનંતી... પ્રાર્થના... અભ્યર્થના રજુ કરતી રચના.

નમો નમો મહાવીરના ગાનની છેડાયેલી તાને ગુલાબી ઠંડકમાં જરીક ઠીગરતા ચહેરાઓ પર સ્મિતની સુરખી લાવી દીધી !

યમનના આલાપી સૂરોના સુકોલમ ભાવો સૂલતાલના તાબે થતા ગયા અને 'મૂરત મન ભાયે'ના ખૂબસૂરત શબ્દોની સાતતાળીમાં શ્રોતાઓ ખેંચાતા ચાલ્યા... ખોવાતા ચાલ્યા !

સરસ્વતી વંદનાની સુકોમળ શબ્દાવલી જ્યારે સૂરોની પાલખીમાં સવાર થઈને સંગીતની અટારીએ ગાન બનીને ઉતરી ત્યારે તો અંધારપછેડી ઓઢીને માંડ જંપેલા તારંગાના ડુંગરાઓ પણ તાલને પડઘાવા માંડ્યા ! ધ્રુપ અને ધમાર શૈલીનો આસ્વાદ માણીને સહુના મન પ્રસન્ન થઈ ઉઠ્યા !

૧૯મી નવેમ્બરે રાજસ્થાનની રંગીલી ધરતીની આભૂષણરૂપ રાણકપુર તીર્થના પ્રાંગણમાં પંદરમી સદી શેઠ ધરણાશાહે બંધાવેલ. જિનપ્રાસાદના સાનિધ્યમાં ગાનઉત્સવનો છેલ્લો પડાવ નંખાયો ! માધુર્ય-ચાતુર્ય અને આકર્ષણથી ઓળઘોળ માલકોંસ રાગના સૂરોમાં મહામંત્ર

નવકારનું ગાન આરંભાયું ! મહાન પ્રભાવ જૈનાચાર્ય માનતુંગસૂરિજીની કાળજયી રચના ભક્તામર સ્તોત્રનું ગાન તો ગાથાએ ગાથાએ ધીર ગંભીર ગાયકીની ગરિમાને ઉજાગર કરતું રહ્યું !

ત્રૈલોક્યમંડન પ્રાસાદનાં પ્રભાવી મૂળનાયક પરમાત્મા આદિદેવની મૂરતને જોઈને મોહી ઉઠેલા મનની વાત મોહક અંદાજમાં અવતરી... 'માતા મરૂદેવીના નંદ'ના ગાન રૂપે ! તળપદી શાસ્ત્રીય સૂરોની વર્ષાથી તરબતર આ સ્તવનાએ તો જાણે સંદેશો વહેતો કર્યો... (વાદ વિવાદ અને વિતંડાવાદના વાયરે વીંખાઈને લલ્લુ બનવા કરતા ભક્તિની ભીનાશથી ભર્યા ભર્યા બનીને મરુદેવાના નંદ પાછળ મસ્ત બનવું લાખ રીતે વધારે સારૂં છે !

અને પછી રચાઈ સંતૂર-બંસરી, તબલા અને પખાવજની જુગલબંધી કે ત્રિપદી ! એ તો સમગ્ર વાતાવરણને સૂરોના નાદથી સભર બનાવી દીધું !

ગુંદેચા બ્રધર્સની બંધુઓની છેલ્લી પ્રસ્તુતિ :

"શેત્રુંજા ગઢના વાસી રે, ... ... મુજરો માનજો રે." ના ગાને તો જાણે ખરેખર રાણકપુરના આદીશ્વરપ્રાસાદના પગથીયે બેસેલા ગામેગામના ભક્તોના 'મુજરા'ને શેત્રુંજાગઢ ઉપર બિરાજમાન દાદા આદીશ્વર સુધી પહોંચાડી દીધો !

ગીતોના ગોખલે ગોખલે જાણે સુરોના સ્વયં પ્રકાશી દીવડાઓ ઝળહળી ઉઠ્યા ! સારંગી... સંતૂર અને મોરલીના મોહક સંગાથે શબ્દોને જાણે પ્રભુપ્રેમનું પાનેતર પહેરાવ્યું. તો તબલા અને પખાવજ પરની પ્રત્યેક થપાટના તાલે તાલે વિરક્તીતરલતાએ નાદ અને લય વચ્ચે સાયુજ્ય રચ્યું !

ગુંદેચા બંધુઓના કંઠમાં કોયલે માળો બાંધ્યો કે કાર્તિકેયના વાહન મયૂરના કેકારવે જલઘટાને વધાવતા નૃત્ય આરંભ્યું ! ધીર-ગંભીર પણ જાનદાર... શાનદાર અને સદાબહાર ભક્તિની પ્રસ્તુતિએ ઉપસ્થિત ગુણી અને રાગ-અનુરાગના ઋણી શ્રાવકોને (શ્રુણોતિ-ઇતિ શ્રાવક-સાંભળે તે શ્રાવક) ભક્તિથી ભીંજવી દીધા ! ભીતર સુધી રીઝવી દીધા !

સાજ, અવાજ અને શબ્દોની આ ત્રણ દિવસની યાત્રાના દરેક પડાવે દેરાસરના આંગણે... વિવિધ કલાત્મક રંગોળીઓ, રંગબેરંગી પરંપરાગત સજાવટો, આંખ અને અંતરને અહોભાવથી ઓળઘોળ બનાવે એવી અવનવી પ્રસ્તુતિઓનો શ્રેય જાય છે : શ્રીમતી પ્રીતિબેન ગૌરવભાઈ શેઠ, શિલ્પાબેન શ્રીપાલભાઈ શાહ, સ્વેતલબેન સુદીપભાઈ, રૂપલબેન સચીનભાઈ તથા જુઈ શ્રીપાલભાઈ શાહના ગ્રુપને !

એક અભિનવ પ્રયોગરૂપે આ સમગ્ર આયોજનને આવકારવું રહ્યું !

વિસરાતી જતી સ્તવનોની દેશી, પૂજાની ઢાળો... પરંપરાગત રાગ-રાગિણીઓનો વૈભવ, ગાયન અને વાદનની પ્રણાલિકાઓને સ્મરવા, સાંભળવા, સાચવવા, અને સંરક્ષવા માટે કંઈક તો કરવું જ પડશે ! કોકે તો કરવું જ રહ્યું ! તો શરૂઆત આપણે કેમ ના કરીએ ?

બસ આવા જ ભાવના આછા પણ સાચા પ્રભાવથી આ સમગ્ર ગાન ઉત્સવ અનેરો બન્યો !

આજના ગાન સત્રના અંતે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈના હસ્તે પંડિતજી શ્રી ઉમાકાંતજી ગુંદેચા, પંડિતજી શ્રી રમાકાંત ગુંદેચા તથા અન્ય તમામ કલાકારોને સન્માનિત કરીને સ્મૃતિચિહ્ન રૂપે રાણકપુરની રૌપ્યમુદ્રિકા અર્પણ કરાઈ હતી.

## ૧૮ અભિષેક મહોત્સવ

શ્રી શત્રુંજય ગિરિરાજ પાલીતાણા નગરે બિરાજમાન સર્વ
સમુદાયના આચાર્ય ભગવંતો, પદસ્થો તેમજ સાધુ-સાધ્વીજી
ભગવંતોની શુભ નિશ્રામાં
શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ઉપક્રમે
ત્રિ-દિવસીય પરમાત્મા ભક્તિ મહોત્સવ સહિત
ગિરિરાજ ઉપર બિરાજમાન સર્વ જિન બિંબો
તથા ચરણપાદુકાઓના ૧૮ અભિષેકનું અયોજન
શ્રી શત્રુંજય ગિરિરાજ ૧૮ મહાભિષેક મહોત્સવ

**શુભ દિવસ**

**વિ.સં. ૨૦૭૨, ફાગણ વદ - ૮ શુક્રવાર, તા. ૧ એપ્રિલ, ૨૦૧૬**

**: લાભાર્થી :**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આદેશથી
શ્રી ગુરૂ ગુણોદય સુવર્ણ વર્ષીતપ મહોત્સવ સમિતિ
એવં માતુશ્રી કમળાબેન સુમતિલાલ રીખવચંદભાઈ મહેતા
પરિવાર મલાડ-મુંબઈ

## પેઢી હસ્તક જીર્ણોદ્ધારના કાર્યો

**એપ્રિલ - ૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં**

**૧૯ સંઘોના જુના દેરાસરોના જીર્ણોદ્ધાર તથા ૧૦ નવનિર્મિત દેરાસરોમાં દેવદ્રવ્યની રાશિનું યોગદાન આપીને પેઢી તરફથી લાભ લેવાયો છે.**

## જુનાગઢ શહેર ખાતે

# "આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી આરાધના ભવન"

કપરા ચઢાણ અને અઘરી યાત્રાના અંદેશા હેઠળ ગિરનાર મહાતીર્થથી અળગા રહેતા પ્રત્યેક જૈન અને પ્રત્યેક જનનું ધ્યાન ખેંચવા, ભક્તિ ભાવને ફરી જાગ્રત કરવા અને ગિરનાર મહાતીર્થના ગૌરવને સહુના હૈયે અને હોઠે ગૂંજતું કરવા જેમણે ત્યાગ, તપ અને જપ ધ્યાનની ધૂણી ધખાવી. આજીવન આયંબિલના તપની તિતિક્ષા સ્વીકારી, કડકડતી ઠંડી આગઝરતી લૂ અને આકરા તડકા તથા વરસાદના વરસતી અનરાધાર હેલી વચ્ચે પણ જેમની ગિરનાર વિકાસ માટેની ઝંખના ઝંખવાણી નથી બલકે સકલ શ્રી સંઘને ગિરનારની સ્પર્શના માટે પ્રેરિત કર્યો. દેરાસરોના જીર્ણોદ્ધારની પ્રેરણા આપી. ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવંતની કલ્યાણક-ભૂમિને ભાતીગળ બનાવી. એની ભવ્યતાને પુનસ્થાપિત કરવા માટે જીવનના અંતિમા શ્વાસ સુધી જેઓ અડીખમ રહ્યા, એવા 3000 ઉપવાસ અને ૧૧૫૦૦થી વધારે આયંબિલ તપના ઘોર તપસ્વી સહસાવન (ગિરનાર તીર્થોદ્ધારક) આચાર્યદેવશ્રી વિજયહિમાંશુસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદન !

એજ ગિરનારની ગોદમાં વસેલા જૂનાગઢ શહેરના ઓળખ સમાન જગમાલ ચોકમાં આવેલા "હેમાભાઈનો વંડો" ના નામથી પ્રખ્યાત સંકુલના ઉપાશ્રયમાં આચાર્ય ભગવંતે વિ.સં. ૨૦૫૯ માગસર સુદ ૧૪ રાત્રે ૧૨.૩૯ કલાકે સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો. સમયના થપેડા સહેતા સહેતા આ ઉપાશ્રય જીર્ણ શીર્ણ બનતા એનું નવીનીકરણ આવશ્યક બન્યું. ગુરુ ભગવંતની જ્ઞાન-ધ્યાન-તપની સાધનાના પરમાણુઓથી ધબકતી ધરતી પર પુનઃનિર્માણ પામનાર ભવન સાથે એ મહાપુરુષનું પુણ્ય-નામ જોડીને કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કરવાનો મહામૂલો અવસર પ્રાપ્ત થયો છે. **"આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી આરાધના ભવન"**માં સહયોગી બનીને સુકૃત સંચય કરવા માટે લાભાર્થીઓ માટે વિવિધ યોજનાઓ પ્રસ્તુત છે.

## શેઠ દેવચંદ લક્ષ્મીચંદ જૂનાગઢ (શેઠ આણંદજી કલ્યાણજી) દ્વારા સંચાલિત હેમાભાઈ વંડામાં સ્થિત ભવનના "આચાર્ય શ્રી હિમાંશુ સૂરિજી આરાધના ભવન" રૂપે નવીનીકરણ માટેની યોજના !

લાભાર્થીઓ માટે જણાવેલ નકરાનો લાભ લઈ પુણ્યાનુપુણ્ય કમાવવાનો અવસર !

| | તકતી માટેનો નકરો | તકતીની જગ્યા | તકતીની સાઈઝ ફુટમાં |
|---|---|---|---|
| આરાધના ભવન | રૂ. ૨૫ લાખ | ભવનની બહાર | ૪.૫ × ૨.૫ |
| સમાધિ ખંડ (પ્રથમ માળ) | રૂ. ૧૫ લાખ | આચાર્ય મહારાજ સાહેબ સમાધિ પામ્યા તે સ્થળ દરવાજા ઉપર | ૪ × ૨ |
| સાધના ખંડ (પ્રથમ માળ) | રૂ. ૭ લાખ | પૂ. શ્રી જ્યાં આરાધના કરતા હતા તે સ્થળ | ૨ × ૨ |
| સ્વાધ્યાય ખંડ નં. ૧ (ભોંયતળિયે) | રૂ. ૪ લાખ | સામેની દીવાલ ઉપર | ૨ × ૧.૫ |
| સ્વાધ્યાય ખંડ નં. ૨ (ભોંયતળિયે) | રૂ. ૪ લાખ | સામેની દીવાલ ઉપર | ૨ × ૧.૫ |
| ઉપાસના ખંડ (બીજો માળ) | રૂ. ૩ લાખ | દરવાજા ઉપર | ૨ × ૧ |

નોંધ :

૧. તકતીની જગ્યા તથા સાઈઝ ઉપર મુજબ રહેશે.

૨. યોજના તા. ૩૧.૩.૨૦૧૬ સુધી ચાલુ રહેશે.

૩. ૧ થી વધુ માંગણી આવશે તો બોલી બોલાવીને આદેશ આપવામાં આવશે.

૪. ટ્રસ્ટી મંડળનો નિર્ણય અબાધિત રહેશે.

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

### અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com



ગુન્દેચા બંધુઓ સન્માનિત કરતા શેઠ આણંદજી કલ્યાણજીના
પ્રમુખશ્રી સંવેગભાઈ લાલભાઈ



ગુન્દેચા બ્રધર્સના કલાકારવૃંદ સાથે
શેઠ આણંદજી કલ્યાણજીના અગ્રણીઓ



BOOK - POST

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**